# પ્રાંતિયા પાસે વિચિત્ર અકસ્માત

## નરોડા-ચિલોડા હાઈવે પહોળો કરવા ફરી આંદોલન થવાની શકયતા : ચાર વાહનો વચ્ચે અકસ્માતમાં ચાર ઘાયલ



(તસવીર : નટુભાઈ પટેલ)

ગાંધીનગર, તા.૧૧
ગાંધીનગર નજીકનાં નરોડા-ચિલોડા નેશનલ હાઈવે નં. ૮ અકસ્માત ઝોન બની જતાં આ સાંકડા હાઈવેને ફોર લેન કરવા માટે મહીના અગાઉ ઉગ્ર આંદોલન કરવામાં આવ્યું હતું. જો કે હજુ સુધી તંત્રના પેટનું પાણી ન હલતા ફરી વાર ગ્રામજનો આંદોલનનું સ્વરૂપ ધારણ કરે તેવી શકયતા વર્તાઈ રહી છે. ગઈ કાલે એક જીવલેણ અકસ્માતમાં એક યુવતીના મૃત્યુ બાદ આજે પણ એક વિચિત્ર અકસ્માત સર્જાયો છે. જેમાં એક સાથે ચાર વાહનો ટકરાતા ચારને ઈજાઓ થવા પામી છે.

અજાણી લકઝરીએ ગઈ કાલે લીંબડીયા નજીક પંચેશ્વર મહાદેવ પાસે એક બાળકને અડફેટે લઈ એક યુવતીને મોતને ઘાટ ઉતારી હતી અગાઉ પણ આ સાંકડા માર્ગમાં સાત જેટલી વ્યકિતએ અકસ્માતમાં જીવ ગુમાવતા રસ્તા રોકો આંદોલન કરીને ગ્રામજનોએ ચક્કાજામ કરી આ માર્ગ ફોર લેન બનાવવા માંગ કરી હતી. એક મહિના બાદ પણ હજુ સુધી આ બાબતે કોઈ નિર્ણય લેવાયો નથી. તો બીજી તરફ અકસ્માતોની વણઝાર ચાલુ છે. જેને પગલે ગ્રામજનો ફરી વાર ઉગ્ર આંદોલન છેડે તો નવાઈ નહીં. આજે એક સાથે ચાર વાહનો પ્રાંતિયા પાસે ટકરાયા હતાં. પ્રાંતિયા ગામના વળાંક પાસે ઉભેલી એક ડમ્પર પાછળ ટ્રક ઘુસી ગઈ અને તેની પાછળ લકઝરી અને ૩૦ મુસાફરો ભરેલી બસ ઘુસી જતાં ચાર વાહનોનો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક મહિલા સહિત ચારને ઈજાઓ થવા પામી હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)

શ્રમિકોની એ.સી. ચેર કાર : આખો દિવસ શ્રમ કરતાં પુરુષાર્થના પુજારી સમા શ્રમિકો જ્યાં અને જેવી તક મળે ત્યાં શરીરને આરામ આપી દે છે. માલવાહક રીક્ષામાં શ્રમિકોએ ગરમીમાં પણ આરામ કરી રહ્યા છે. શ્રમિકોને સુખ એ હોય છે કે ઉંઘ ઝડપથી આવે છે અને ઘેરી આવે છે. ટ્રાફીકના ઘોંઘાટમાં પણ આરામ કરતા શ્રમિકોને જોઈને શ્રીમંતોને ઈર્ષા આવે એવું આ દ્રશ્ય છે.

# ઈન્ફોસીટી નજીક પેટ્રોલપંપ સામે નોનવેજની લારી પર ધમાલ

## લારી સંચાલકે રૂપિયા માંગતા ધોળાકુવાની ટોળકીએ ધોકાવાળી કરીને તેના હાથે ફેક્ચર કરી નાંખ્યુ

ગાંધીનગર, તા. ૧૧
ગાંધીનગર નજીક ઈન્ફોસીટી પેટ્રોલપંપ સામે ઉભી રહેતી નોનવેજની લારી પર ગઈ રાત્રે ધમાલ થઈ હતી. લારી સંચાલકે ગ્રાહક પાસેથી જમ્યા બાદ રૂપિયાની ઉઘરાણી કરતાં ધોળાકુવાની સાત-આઠ શખ્સોની ટોળકીએ ધોકા અને લાકડીઓ વિંઝીને લારી સંચાલકને ઢોર માર માર્યો હતો. ઈન્ફોસીટી પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને આરોપીઓને પકડવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શાહપુર ચોકડી પાસે રહેતો જગદીશ કાંતીલાલ ઠાકોર ઈન્ફોસીટી પેટ્રોલપંપ સામે નોનવેજની લારી ચલાવે છે. ગઈ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં ધોળાકુવાનો ચેહર રાવળ તથા તેના અન્ય સાતથી આઠ મિત્રો ત્યાં જમવા આવ્યા હતા. જમી લીધા બાદ જગદીશ ઠાકોરે ઉઘરાણી કરતાં આખી ટોળકી રોષે ભરાઈ હતી અને ધોકા અને લાકડી વડે જગદીશને માર મારી જમણાં હાથે ફેક્ચર કરી નાંખ્યુ હતું. ઘાયલ હાલતમાં તેને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. જ્યારે આરોપી તત્વો માર મારીને પલાયન થઈ જવા પામ્યા હતા. ઈન્ફોસીટી પોલીસે જગદીશની ફરીયાદને આધારે ચેહર રાવળ તથા અન્ય ૭થી ૮ ઈસમો સામે ગુનો દાખલ કરી પીએસઆઈ એમ.આર. સડાટે ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

# ચિલોડા-પ્રાંતિયા માર્ગ પર ભમરાનો ભયંકર ત્રાસ

## વાહનચાલકો ત્રસ્ત : બે યુવાનોને ભમરા કરડતાં હોસ્પિટલ ખસેડાયા

ગાંધીનગર, તા.૧૧
ગાંધીનગર નજીક આવેલા ચિલોડાથી પ્રાંતિયા માર્ગ પર ભમરાઓનો ભયંકર ત્રાસ છે. વાહનચાલકો ભમરાના આતંકથી ત્રસ્ત થઈ ગયા છે અને ભમરાનાં ઝુંડ ઉડતા જોઈ વાહન ચાલકો હાઈવે પર થોભી જતાં ટ્રાફીક જામ પણ થઈ જવાની ઘટના બને છે. આજે સવારના અરસામાં બે યુવાનોને ભમરા કરડતા હોસ્પિટલ લઈ જવા પડયા હતાં.

ચિલોડા-નરોડા માર્ગ પર પ્રાંતિય સ્મૃતિ વિકાસ શાળા પાસે આજે સવારે એક ઝાડ પરથી ભમરાનું ઝુંડ ઉડતા આ માર્ગ પર વાહનચાલકોએ થોભી જવું પડયું હતું અને ટ્રાફીક જામ થઈ જવા પામ્યો હતો તે ઉપરાંત ત્યાંથી પસાર થતાં પાલજ ગામના એક યુવાન અને બુટાકીયા ગામના એક યુવાન મળીને બે યુવાનોને ભમરા ચોંટી ગયા હતા. થોડી સુધી બંને યુવાનોને દોડાવ્યા બાદ ભમરાઓએ ડંખ માર્યા હતા. ભમરાના ડંખથી ઘવાયેલા બંને યુવાનોને શરીરે સોજા ચઢવા લાગતા હોસ્પિટલ પ્રાથમિક સારવાર માટે લઈ જવામાં આવ્યા હતાં.



(તસવીર : કશ્યપ નિમાવત)

વેલેન્ટાઈન-ડે : વેલેન્ટાઈન ડેના પગલે ગાંધીનગરમાં ટ્રાફીક શાખા દ્વારા અકસ્માતોને નાથવા વિવિધ સંદેશ આપતા હોર્ડીંગ ઠેર ઠેર ઉભા કરાયા છે. જનજાગૃતિ માટે પર્વો અને પ્રસંગોના પગલે ટ્રાફીક દ્વારા લેવાતા અભિયાનને સાર્વત્રિક આવકાર મળ્યો છે. યુવાનો ને કેન્દ્રમાં રાખી વેલેન્ટાઈન ડેની ઉજવણીને આવરી લેતા હોર્ડીંગ લગાવાયા છે.

# રાજ્યમાં 'આપ'ની અસર ખાળવા ભાજપની કવાયત

## મુખ્યમંત્રીના નેતૃત્વમાં મળેલી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં ગંભીર વિચારણા થઈ : બોર્ડ નિગમોના ચેરમેન તથા ડિરેક્ટરોની બેઠકમાં પણ જરૂરી નિર્દેશો

ગાંધીનગર, તા.૧૧
દિલ્હી વિધાનસભામાં ચૂંટણીમાં આપને મળેલી પ્રચંડ બહુમતી અને ભાજપના કરૂણ રકાસથી ધ્રુજી ઉઠેલા ભાજપની નેતાઓ હવે ભાજપ શાસિત તમામ રાજયોમાં આપ માટે રાજકીય નાકાબંધી કરવાની વ્યૂહરચના અપનાવી છે.

ગુજરાતના મુખ્યમંત્રી આંનદીબેન પટેલના અધ્યક્ષસ્થાને આજે મળેલી મંત્રીમંડળની બેઠકમાં દિલ્હીમાં ભાજપના ઘોર પરાજય અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. અને દિલ્હીમાં ફતેહ મેળવનાર આપનો ઘસમસતો વિજય રથ ગુજરાતમાં પણ પોતાના વાવટા ફટકાવે તે પહેલા જ ગુજરાતમાં આપની રાજકીય નાકાબંધી કરવાની રચના પર ગંભીર વિચાર પર કરવામા આવ્યો હતો. ગુજરાતમાં આ વર્ષમાં જ તમામ મહાનગરપાલિકાઓ તથા જિલ્લાપંચાયતોની સામાન્ય ચૂંટણી યોજવાની છે ત્યારે આપ દ્વારા ગુજરાતની ચૂંટણીઓમા પણ ઝંપલાવવાનો સીધો નિર્દેશ કર્યો હોવાથી ભાજપના વરિષ્ઠ નેતાઓનો અત્યારથી જ પરસેવો છૂટી રહ્યો છે.

ગુજરાતમાં અદાલત સામે ખેડુત આંદોલનનું સફળ નેતૃત્વ કરનાર અને અત્યંત સ્વચ્છ તથા પ્રમાણિક પ્રતિભા ધરાવનાર ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય ડૉ. કનુભાઈ કલસરીયા, હાલમાં આપમાં ખુબ જ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા હોવાથી તેમના નેતૃત્વમાં આપ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ભાજપને નડશે તેવી દહેશત ખુદ ભાજપના આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે. એટલું જ નહિ પરંતુ આપના સંયોજક અરવિંદ કેજરીવાલની ગુજરાત મુલાકાત બાદ ગુજરાતમાં આપ ધીરે ધીરે મજબૂત પણ થઈ રહી છે ત્યારે દિલ્હીમાં વિધાનસભાના પરિણામોથી ગુજરાત ભાજપના નેતાઓને મોટી ફાળ પડી છે.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટની બેઠકમાં દિલ્હી ચૂંટણી પરિણામોની ગંભીરતાથી ચર્ચા કરવામાં આવી હતી. અને કોઈ પણ સંજોગોમાં ગુજરાતમાં ભાજપની સ્થિતિકમજોર ન થાય તે માટે રાજય સરકારની યોજનાઓ અને પ્રજા સુધી પહોચાડવાની વ્યુહરચના ઘડી કાઢવાનો નિર્ણય લેવાયો હતો. જેમાં પક્ષના સંગઠનને પણ વધુ કાર્યક્રમ બનાવવા તેમજ કાર્યકરોને વધુ સક્રિય કરવા પર ખાસ ભાર મૂક્યો હતો. અત્રે ઉલેખનીય છે કે ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુની મુદત એપ્રિલમાં પૂરી થઈ રહી હોવાથી તેમની અવધિ લંબાવવા અથવા તો તેમના અંગત કાર્યકરોમાં સ્વીકાર્ય હોવા તેવા સ્વચ્છ પ્રતિભા ધરાવતા યુવા નેતાઓ પક્ષના પ્રમુખ બનાવાશે તેવી પણ શકયતા સૂત્રોએ વ્યક્ત કરી હતી જ્યાં બીજી તરફ આનંદીબેન પટેલે ખુબ જ ત્વરિતગતિએ ગુજરાતમાં આપની અસર ખાળવા મજબૂત પગલા ભરવાનું શરૂ કરી દીધું છે જેના ભાગરુપં મુખ્યમંત્રીએ આજે બોર્ડ નિગમોના ૧૨ ચેરમેનો ઉપરાંત ડિરેક્ટરોની એક બેઠક ગાંધીનગરમાં બોલાવી હતી જેમાં મહાનગરપાલિકાઓ તથા જિલ્લા પંચાયતોની આગામી ચૂંટણીમાં મતદારો સુધી યોજનાઓ અને કાર્યસિદ્ધ પહોંચાડવા અસરકારક કામગીરી હાથ ધરવાની તાકીદ કરી હતી અને ચેરમેન તથા કાર્યકરોને મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી હતી.

# સરકારી આયુર્વેદ હોસ્પિટલ સેક્ટર-૨૨ ગાંધીનગર દ્વારા 'સ્વાઈન ફલુ પ્રતિરોધક' આયુર્વેદ ઔષધ ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ

ગાંધીનગર, તા. ૧૦
હાલમાં રાજયમાં 'સ્વાઈનફલુ'ના રોગચાળાએ માથુ ઊંચક્યું છે અને ગંભીર પરિસ્થિતિ નિર્માણ થવા જાય છે ત્યારે આયુર્વેદનો પ્રથમ હેતુ 'સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું' તે અંતર્ગત આ રોગને થતો અટકાવવા માટે આયુર્વેદ શાસ્ત્રમાં નિર્દિષ્ટ ઔષધ યુક્ત ઉકાળા પીવાથી રોગો થવાની સંભાવના ઘટી જાય છે. આથી ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરીના માર્ગદર્શન હેઠળ અત્રેની સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સેક્ટર-૨૨, ગાંધીનગર દ્વારા આયુર્વેદ ઔષધ યુક્ત ઉકાળા બનાવીને સે. ૨૨ હોસ્પિટલ ખાતે, જૂના-નવા સચિવાલયમાં, જિલ્લા પંચાત કચેરીમાં, મહાનગરપાલિકા હસ્તકના ચારેય અર્બન હેલ્થ સેન્ટરો જેવા કે સેક્ટર-૩ હાઈટેક હોસ્પિટલ સામે, સેક્ટર-૨૯ પોસ્ટ ઓફિસની બાજુમાં, સેક્ટર-૨૪ શાકમાર્કેટની બાજુમાં અને પાલજ ગામના બસ સ્ટેન્ડ ખાતે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન તા. ૧૦-૨-૧૫ થી પીવડાવવામાં આવી રહ્યા છે. તેમ મદદનીશ નિયામકશ્રી ડૉ. પ્રકાશ ઉપાધ્યાયે જણાવ્યું છે.

આ અંગેની સંપૂર્ણ વ્યવસ્થા તથા આયોજન સેક્ટર-૨૨ની હોસ્પિટલના વડા વૈદ્ય પંચકર્મશ્રીના માર્ગદર્શન હેઠળ અધિકારી-કર્મચારીઓની ટીમ દ્વારા કરવામાં આવી છે. અને આજરોજ કુલ ૧૨,૩૧૬ લાભાર્થીઓને સદર ઉકાળા પીવડાવવામાં આવ્યા છે. આગામી દિવસોમાં પણ સદર ઉકાળા પીવડાવવાનું ચાલુ છે.

# ધોરણ-૧૦માં ઉર્દુ વિષયની બોર્ડ સમકક્ષ પરીક્ષા યોજાશે

અમદાવાદ, તા.૧૧
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવનાર ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનો આગામી ૧૨મી માર્ચથી પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે આ બોર્ડની પરીક્ષાની અંતર્ગત ધોરણ-૧૦માં ભણાવવામાં આવતા ઉર્દુ વિષયની બોર્ડ સમકક્ષ પરીક્ષા ૨૩ માર્ચ ૨૦૧૫ નાં રોજ લેવાની જાહેરાત શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવી છે.

# કૃષિ અને ગ્રામ વિકાસ સહકારી સોસાયટીનું આજે લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૧
ખેડૂતોના હિત માટે કૃષિ અને ગ્રામ વિકાસ રાજય સહકારી મંડળ દ્વારા 'કોટન ટુ કલોથ' યોજના અને કૃષિ અને ગ્રામ વિકાસ રાજય સહકારી સોસાયટીનું લોકાર્પણ કરવામાં આવશે.

ગાંધીનગર સે-૨૫માં આવેલ મધુર ડેરી ખાતે આજ રોજ ગરુવાર સાંજે ૫-૦૦ વાગે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાના હસ્તે કૃષિ અને ગ્રામ વિકાસ રાજય સહકારી સોસાયટીનું લોકાર્પણ કરવામાં આવશે. તેમજ આ પ્રસંગે ખેડૂતો માટે મહત્વકાંક્ષી યોજના કોટન ટુ કલોથ શરુ કરવામાં આવશે.

આ પ્રસંગે દિલીપ સંઘાણી પૂર્વ સહકાર મંત્રી અધ્યક્ષ તરીકે વિશેષ અતિથિ તરીકે અરુણસિંહ રાણા ચેરમેન ભરૂચ જિ.સ.બેંક તેમજ જેઠાભાઈ ભરવાડ ધારાસભ્ય, અશોકભાઈ ડાંગર, પૂર્વ મેયર રાજકોટ, કમાભાઈ રાઠોડ-પ્રમુખ, અમદાવાદ જિલ્લા ભાજપ-શરદ લાખાણી, પ્રમુખ જિલ્લા પંચાયત અમરેલી, ચંદ્રેશ પટેલ પૂર્વ સાંસદ, માવજીભાઈ ગોલ, જેઠાભાઈ પાનેરા સહિત આગેવાનો ઉપસ્થિત રહેશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭
સૂર્યાસ્ત : ૬.૩૩

## તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ષમિતાભ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
બેબી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
હમતુમ દુશ્મન દુશ્મન : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :
ષમિતાભ : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
બેબી : ૨.૪૦
: સ્ક્રીન-૩ :
સેવન્થ સન (અંગ્રેજી) (૩ડી) : ૭.૪૫
બેબી : ૧.૪૫, ૯.૪૫
ષમિતાભ : ૪.૪૫
સ્ક્રીન-૪ :
હવાઈજાદા : ૧.૦૦
જય જવાન જય કિસાન : ૪.૦૦
યેન્નાઈ એરીઢલ (તમિલ) : ૭.૦૦
ખામોશીયાં : ૧૦.૦૦, ૧૦.૧૫
સ્ક્રીન-૫ :
ષમિતાભ : ૧૦.૦૦, ૬.૩૦
બેબી : ૩.૪૫
ખામોશીયાં : ૧૨.૪૫

### સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
ષમિતાભ : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
સ્ક્રીન-૨ :
ષમિતાભ : ૧૧.૩૦, ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦
સ્ક્રીન-૩ :
બેબી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
સ્ક્રીન-૪ :
યેન્નાઈ એરીઢલ (તમિલ) : ૧૨.૦૦, ૩.૧૫, ૧૦.૦૦
પી.કે : ૬.૪૫

## આપની આજ

**મેષ** : દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ચંદુલાલ સોમચંદ પ્રજાપતિ (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૭૬૬/૨, સે-૩૦, ગાંધીનગર
- સ્વ. ચંદ્રાબા છત્રસિંહ ઝાલા (ઉ.વ.૬૨) ૨૩૪, 'શક્તિ' સહકાર કોલોની, ગાંધીનગર
- સ્વ. ઈન્દિરાબેન રમણલાલ શાહ (ઉ.વ.૭૧) ૪૫, આનંદનગર, સે-૨૭, ગાંધીનગર
- સ્વ. રાજેશભાઈ મફતલાલ સોલંકી (ઉ.વ.૪૮) બ્લોક નં. ૧૬/૪, જ-૧, સે-૬, ગાંધીનગર
- સ્વ. પશાભાઈ સોમાભાઈ વાળંદ (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૧૪૫૬/૧, સેક્ટર-૫બી, ગાંધીનગર